# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## વિદ્યાવાચસ્પતિ(Ph.D.) અધિનિયમ-2009

**માર્ચ, 2010**

**વિદ્યાસભા તા. 03/07/2010, ઠરાવઃ 4**

**અદ્યતન આવૃત્તિ એપ્રિલ-2014**

**ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ**

# વિદ્યાવાચસ્પતિ(Ph.D.) અધિનિયમ-2009

## અનુક્રમ

1. શબ્દોની પરિભાષા
2. વિનિયોગ
3. ઉદ્દેશ્ય
4. યોગ્યતા
5. પ્રવેશપ્રક્રિયા
6. માર્ગદર્શકની પસંદગી અને નિયુક્તિ
7. વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમનું સ્વરૂપ અને અભ્યાસકાર્ય(Course Work)
8. વિદ્યાવાચસ્પતિની નોંધણી
9. શિસ્ત, હાજરી અને પ્રગતિ અહેવાલ
10. માર્ગદર્શકની માન્યતા
11. વિદ્યાર્થીસંખ્યા
12. માર્ગદર્શકની ફેરબદલી/ સહમાર્ગદર્શકની નિમણૂક
13. માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને ગેરલાયક ઠેરવવો/ વિદ્યાર્થીની નોંધણી રદ કરવી
14. સંશોધન વિષયમાં ફેરફાર
15. શોધનિબંધના શીર્ષકમાં ફેરફાર
16. મુદતવધારો અને પુનઃ નોંધણી
17. ફીની ચુકવણી
18. શોધકાર્યમાં પ્રગતિ અને શોધનિબંધની સોંપણી પૂર્વેનો પરિસંવાદ
19. શોધનિબંધનું પરિરૂપ
20. શોધનિબંધની સોંપણી
21. શોધનિબંધનું મૂલ્યાંકન
22. મૌખિક પરીક્ષા (Viva Voce)
23. જાહેરનામું
24. યુ.જી.સી.માં સોંપણી
25. પદવીદાન
26. અર્થઘટન
27. વિશેષ

## પરિશિષ્ટો

વિદ્યાવાચસ્પતિની નોંધણીની જાહેરાતનું પરિરૂપ

નોંધપોથીનું પરિરૂપ

પ્રગતિ અહેવાલનું પરિરૂપ

વિદ્યાવાચસ્પતિના શોધનિબંધનું પરિરૂપ

શોધનિબંધના પ્રમાણપત્રનું પરિરૂપ

મૂલ્યાંકન અહેવાલનું પરિરૂપ

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ
## વિદ્યાવાચસ્પતિ(Ph.D.) અધિનિયમ-2009

**1. શબ્દોની પરિભાષાઃ**

આ અધિનિયમમાં વપરાયેલાં કેટલાંક પદોનો અર્થ આ પ્રમાણે છે, સિવાય કે આ પદો ગૂજરાત વિદ્યાપીઠના કાયદાઓ, ધારાધોરણો કે વટહુકમથી અન્યત્ર પરિભાષિત કરવામાં આવ્યાં હોય.

**1.1** 'વિદ્યાપીઠ' એટલે ગૂજરાત વિદ્યાપીઠ.

**1.2** 'ઉમેદવાર' એટલે એવી વ્યક્તિ કે જેણે વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અરજી કરી છે.

**1.3** 'વિદ્યાર્થી' એટલે એવી વ્યક્તિ કે જેણે વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો છે અને જેની નોંધણી થયેલી છે.

**1.4** 'માર્ગદર્શક' જેને વિદ્યાપીઠ દ્વારા સંશોધન માર્ગદર્શક તરીકેની માન્યતા આપવામાં આવી છે.

**1.5** 'અધ્યાપક' એટલે એવી વ્યક્તિ કે જેની નિમણૂક વસ્તુતઃ શૈક્ષણિક જગ્યા પર નિયમોથી રચાયેલી પસંદગી સમિતિ દ્વારા થયેલી છે.

**1.6** 'સહમાર્ગદર્શક' એટલે સંયુક્ત માર્ગદર્શનના કિસ્સામાં દ્વિતીય માર્ગદર્શક.

**1.7** 'સંબંધિત વિષય' એટલે એવો વિષય કે જેને સંબંધિત વિષય માનવામાં આવ્યો હોય અને વિદ્યાપીઠ દ્વારા જેને સંબંધિત વિષય તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો હોય.

**1.8** 'સત્ર' એટલે **પંદરથી વીસ અઠવાડિયાનો** અભ્યાસનો સમયગાળો.

**1.9** 'મુદત વધારો' એટલે નોંધણીના ચાર સત્ર પછીનો લંબાવવામાં આવેલો સમયગાળો.

**1.10** 'નોંધણી' એટલે વિદ્યાવાચસ્પતિના કાર્યક્રમ અંતર્ગત શોધકાર્ય હાથ ધરવા માટેની ઉમેદવારની નોંધણી, જે ઉમેદવાર અભ્યાસકાર્યમાં ઉત્તીર્ણ થયો હોય અને જેનો સંશોધન પ્રસ્તાવ વિદ્યાપીઠ દ્વારા સ્વીકારવામાં આવ્યો હોય.

**1.11** 'પરીક્ષક' એટલે લેખિત પરીક્ષા કે શોધનિબંધની તપાસ માટે વિદ્યાપીઠ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ તજ્જ્ઞ, અને સંબંધિત માર્ગદર્શક.

**1.12** 'વિદ્યાસભા'(એકેડેમિક કાઉન્સિલ) એટલે ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભા.

**1.13** 'વિદ્યાવાચસ્પતિ' એટલે ડૉક્ટર ઓફ ફિલોસોફી(Ph.D.).

**2. વિનિયોગઃ**

આ અધિનિયમ બધા જ માર્ગદર્શકો, સહમાર્ગદર્શકો, પરીક્ષકો, ઉમેદવારો અને વિદ્યાર્થીઓને લાગુ પડશે.

**3. ઉદ્દેશ્યઃ**

આ અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીને સંશોધનની તાલીમ આપવાનો તથા તે માટેની સ્વતંત્ર તપાસ અને મૂળભૂત શોધકાર્યો માટે તૈયાર કરી પોતાના વિષયક્ષેત્ર અને વ્યવસાયના જ્ઞાનમાં સાર્થક યોગદાન માટે સક્ષમ બનાવવાનો છે. આ તાલીમ પ્રક્રિયાનો અંત નથી પરંતુ ફળદાયી સંશોધનની કારકિર્દી માટેનું સાધન છે. આ

ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે નીચેની બાબતો સિદ્ધ કરવાની રહેશે.

- પસંદ કરેલી વિદ્યાશાખામાં મૂળભૂત જ્ઞાનની પ્રાપ્તિ.
- સંશોધન ક્ષેત્રે ઊંડાણપૂર્વકના જ્ઞાનની પ્રાપ્તિ.
- સંબંધિત વિષયક્ષેત્રમાં સંશોધન ઉપકરણોના ઉપયોજનની ક્ષમતાની પ્રાપ્તિ.
- મૂળભૂત સંશોધનો હાથ ધરવા માટેનાં જરૂરી કૌશલ્યો અને ક્ષમતાની પ્રાપ્તિ.

**4. યોગ્યતાઃ**

**4.1** ગૂજરાત વિદ્યાપીઠમાં જે વિષયમાં અનુસ્નાતક શિક્ષણ/ સંશોધનની વ્યવસ્થા છે તે વિષયમાં ઉમેદવાર વિદ્યાવાચસ્પતિની નોંધણી માટે લાયક ગણાશે. અનુસ્નાતકના જે વિષયમાં / સંબંધિત વિષયમાં અથવા વિદ્યાવાચસ્પતિના હેતુ માટે વિદ્યાપીઠે જે પદવીને સમકક્ષ પદવી તરીકેની માન્યતા આપી છે તેમાં ઉમેદવારે ઓછામાં ઓછા કુલ 55 ટકા ગુણ (7 પોઇંટ સ્કેલમાં B અથવા 10 પોઇંટ સ્કેલમાં $B^+$) મેળવ્યા હોય તે આવશ્યક છે. આંતરવિદ્યાકીય અભ્યાસક્રમોમાં ઉપરની સ્પષ્ટતા લાગુ પડશે નહિ.

**4.2** અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ તથા ઉન્નત વર્ગમાં સમાવેશ ન પામતા (નોન ક્રિમિલેયર) અન્ય પછાત વર્ગના ઉમેદવારે અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા 50 ટકા ગુણ મેળવ્યા હશે તો તે વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે.

**5. પ્રવેશપ્રક્રિયાઃ**

**5.1** પ્રતિ વર્ષ ઑગસ્ટ/ સપ્ટેમ્બરના સમયગાળામાં વિદ્યાવાચસ્પતિમાં નોંધણી કરવાની રહેશે.

**5.2** માર્ગદર્શકો/ વિભાગીય વડાઓએ 15 એપ્રિલ સુધીમાં વિદ્યાવાચસ્પતિના પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની સંખ્યા વિદ્યાપીઠના કુલસચિવને મોકલવાની રહેશે. વિદ્યાવાચસ્પતિના પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની સંખ્યા માર્ગદર્શકોની સંમતિથી નક્કી કરવાની રહેશે.

**5.3** વિદ્યાપીઠના કુલસચિવ એપ્રિલ/ મે માસમાં વિદ્યાવાચસ્પતિના પ્રવેશ અંગેની જાહેરાત/ સૂચના આપશે. વિદ્યાવાચસ્પતિમાં પ્રવેશ માટેની જાહેરાતનું પરિરૂપ પરિશિષ્ટ-1 મુજબનું રહેશે.

**5.4** ભરેલાં અરજીપત્રો પરત મેળવવાની છેલ્લી તારીખથી 60 દિવસની અંદર પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

**5.5** ઉમેદવારે વિદ્યાપીઠ દ્વારા આયોજિત નીચે મુજબની બે કસોટીઓ આપવાની રહેશે.

**i.** ગાંધીવિચાર - કુલ ગુણ 50 - સમય 1.5 કલાક

**ii.** સંશોધન સજ્જતા - કુલ ગુણ 50 - સમય 1.5 કલાક

(સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન - 30 ગુણ માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીનું સંશોધનમાં ઉપયોજન - 5 ગુણ
સંબંધિત વિષયક્ષેત્રના નૂતન પ્રવાહો - 15 ગુણ)

ઉપરોક્ત કસોટીઓ બે અલગ દિવસોએ લેવામાં આવશે. પ્રથમ ગાંધી વિચારની કસોટી લેવામાં આવશે. આ કસોટીમાં 40 ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવાર સંશોધન સજ્જતાની કસોટી આપી શકશે.

**5.6** મુદ્દા ક્રમાંક 5.5 માં સૂચિત બંને પ્રશ્નપત્રો માટે પ્રશ્ન સ્વરૂપ પ્રમાણે ગુણનું વિતરણ નીચે મુજબ રહેશે.

- **i.** હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો - 15 ગુણ
- **ii.** ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નો - 15 ગુણ
- **iii.** નિબંધ સ્વરૂપના પ્રશ્નો - 20 ગુણ

**5.7** ગાંધીવિચારની કસોટી માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં ઉપલબ્ધ હોય તેવા પુસ્તકો નક્કી કરવામાં આવશે. ગાંધીવિચારની કસોટી માટેની પુસ્તિકા નક્કી કરીને તેનું નામ ઉમેદવાર અરજીપત્ર વિદ્યાપીઠમાં રજૂ કરે તે સમયે આપવામાં આવશે. **ઉમેદવારી ચાલુ રાખવા માટે ગાંધી વિચારની પરીક્ષામાં ઓછામાં ઓછા 40 ટકા ગુણ મેળવવાના રહેશે**. ગાંધી વિચારની પરીક્ષામાં મેળવેલા ગુણને મેરિટ (મુદ્દા ક્રમાંક 5.12 માં સૂચવ્યા સિવાયના સંજોગોમાં)ની ગણતરીમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**5.8** પ્રવેશપત્રો ભરવાની છેલ્લી તારીખથી એક માસ પછી ગાંધીવિચારની પરીક્ષા ગોઠવવાની રહેશે.

**5.9** વિદ્યાવાચસ્પતિમાં પ્રવેશ પરીક્ષાને આધારે નીચે મુજબ વિભાગવાર મેરિટ તૈયાર કરવાની રહેશે.

| | વિગત | ભારાંક |
|---|---|---|
| **i.** | સંબંધિત પારંગત પદવી પરીક્ષામાં મેળવેલ ટકાના | 40 ટકા |
| **ii.** | લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ (5.5 માં દર્શાવ્યા મુજબની સંશોધન સજ્જતા વિષયક કસોટી)ના | 60 ટકા |
| **iii.** | સંબંધિત વિદ્યાશાખામાં અનુપારંગત(M.Phil.) | 5 ગુણ |

iv. જે તે વિષયમાં ગૂજરાત વિદ્યાપીઠના પારંગત/અનુપારંગત થયેલા વિદ્યાર્થીઓને અગ્રતાક્રમ યાદી બન્યા પછી વધારાના પાંચ (5) ગુણ આપવામાં આવશે.

**5.10** અનામત જગ્યાઓની ગણતરી વિદ્યાપીઠ કક્ષાએ સમગ્રતયા ધ્યાનમાં લેવાની રહેશે. વિવિધ કક્ષાએ અનામત જગ્યાઓની જોગવાઈ પ્રવર્તમાન ધારાધોરણો મુજબ કરવાની રહેશે.

**5.11** યુ.જી.સી. JRF/ NET/ SET ઉત્તીર્ણ ઉમેદવારો માટે 50 ટકા જગ્યાઓ અને તે સિવાયના ઉમેદવારો માટે 50 ટકા જગ્યાઓ ફાળવવાની રહેશે. જગ્યાઓની આ ફાળવણી વિદ્યાપીઠ કક્ષાએ કરવાની રહેશે. જ્યારે **યુ.જી.સી. JRF/ NET/ SLET ઉમેદવારોની સંખ્યા ઓછી હોય કે ના હોય તો તે જગ્યાઓ સામાન્ય અગ્રતાક્રમમાં જશે**.

**5.12** ગૂજરાત વિદ્યાપીઠની કોઈ વિદ્યાશાખામાં અનુપારંગતનો અભ્યાસ કર્યો હોય તેવા યુ.જી.સી. JRF મેળવતા ઉમેદવારને તે વિદ્યાશાખામાં વિદ્યાવાચસ્પતિના અભ્યાસ માટે યુ.જી.સી. JRF/ NET/ SLET ઉત્તીર્ણ ઉમેદવારો માટેની 50 ટકા અનામત જગ્યાઓમાં કોઈ પણ પ્રકારની પરીક્ષા વિના સીધો જ પ્રવેશ આપવાનો રહેશે. ઉપલબ્ધ જગ્યાઓની સામે વધુ ઉમેદવારો હશે તો અનુપારંગતની પરીક્ષા ઉત્તીર્ણ કર્યાના વર્ષને આધારે (વહેલો તે પહેલો) ઉમેદવારને અગ્રિમતા આપવાની રહેશે. કોઈ એક જ વર્ષમાં અનુપારંગતનો અભ્યાસ કર્યો હોય તેવા એક કરતાં વધુ ઉમેદવારોના કિસ્સામાં તેમના અનુપારંગત (માત્ર અભ્યાસકાર્ય)ના અને જો તેમાં પણ સમાનતા આવે તો પારંગતના પરિણામના આધારે અગ્રિમતા આપવાની રહેશે.

**5.13** મુદ્દા ક્રમાંક 5.11 માં દર્શાવ્યા સિવાયના યુ.જી.સી. JRF/ NET/ SLET ઉત્તીર્ણ ઉમેદવારો વિષય

સંબંધિત પરીક્ષા (મુદ્દા ક્રમાંક 5.5 - પ્રશ્નપત્ર ii - સંશોધન સજ્જતા વિષયક કસોટી) માંથી મુક્તિ મેળવી શકશે. આ પરીક્ષા તેઓ આપવાના છે કે નહીં તે અંગેની વિગત અરજીપત્રકમાં સ્પષ્ટ રીતે જણાવવાની રહેશે. આ મુજબ પરીક્ષામાંથી મુક્તિ મેળવી હોય તેવા ઉમેદવારો જો ગાંધી વિચારની પરીક્ષામાં ઉત્તીર્ણ હોય તો તેમને ગાંધી વિચારની પરીક્ષાને આધારે અગ્રિમતા આપી યુ.જી.સી. JRF/ NET/ SLET ઉત્તીર્ણ ઉમેદવારો માટેની 50 ટકા જગ્યાઓ પૈકીની બાકી રહેતી (મુદ્દા ક્રમાંક 5.11, 5.12 માં ભરાયા પછીની) જગ્યાઓમાં પ્રવેશ આપવાનો રહેશે.

**5.14** વિદ્યાવાચસ્પતિના પ્રવેશ માટે જો વિદ્યાર્થીને પ્રવેશ ફાળવ્યા પછી જરૂરી સમયમર્યાદામાં ફી ભરીને પ્રવેશ ના મેળવે તો અગ્રતાક્રમ યાદીમાં તે પછી આવનારા વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે.

**6. માર્ગદર્શકની પસંદગી અને નિયુક્તિઃ**

**6.1** લેખિત પરીક્ષાના પરિણામને આધારે અગ્રતાક્રમ (મેરિટ) મુજબ પ્રવેશયોગ્ય ઉમેદવારોને પત્ર દ્વારા પરિણામની જાણ કરવાની રહેશે. પત્ર મળ્યેથી ઉમેદવારે સૂચિત સમયે વિદ્યાપીઠમાં રૂબરૂ મુલાકાત માટે સંબંધિત પ્રમાણપત્રોની મૂળ નકલો સાથે આવવાનું રહેશે. રૂબરૂ મુલાકાત દરમિયાન ઉમેદવારનાં સંશોધન જ્ઞાન-કૌશલ્યો તથા રસની સાથે સાથે પ્રમાણપત્રો પણ તપાસવાનાં રહેશે. પ્રમાણપત્રોને આધારે ઉમેદવાર/ વિદ્યાર્થી દ્વારા અગાઉ આપવામાં આવેલ માહિતીમાં જો કોઈ ક્ષતિ પુરવાર થશે તો તે ઉમેદવાર/ વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે.

**6.2** વ્યક્તિગત રૂબરૂ મુલાકાત પછી આચાર્ય/વિભાગીય અધ્યક્ષ, માર્ગદર્શકો અને ઉમેદવારોની હાજરીમાં, સલાહ-મસલત દ્વારા માર્ગદર્શકોની અંતિમ પસંદગી અને ફાળવણી કરવાની રહેશે. આ પૂર્વે માર્ગદર્શકો અને ઉમેદવારોએ પરસ્પર સંશોધન રસ વિષયક પોતાનો પરિચય આપવાનો રહેશે. ત્યારબાદ અગ્રતાક્રમને આધારે માર્ગદર્શકની પસંદગી કરવાની રહેશે. વિભાગીય અધ્યક્ષે સમગ્ર કાર્યવાહીની નોંધ પરીક્ષા વિભાગને મોકલવાની રહેશે. જેને આધારે પરીક્ષા વિભાગ પ્રવેશયોગ્ય ઉમેદવારોને પ્રવેશ-આદેશ મોકલશે. પ્રવેશ-આદેશને આધારે ઉમેદવારે નિર્ધારિત સમયમાં ફી ભરવાની રહેશે.

**6.3** વિદ્યાવાચસ્પતિમાં પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની જે રીતે ગણતરી કરવામાં આવી હતી, અને ખાલી જગ્યાઓની જે સંખ્યા જાહેરનામામાં પ્રગટ કરવામાં આવી હતી, બરાબર તે રીતે અને વધુમાં વધુ તે જ સંખ્યામાં જગ્યાઓ ભરવાની રહેશે.

**7. વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમનું સ્વરૂપ અને અભ્યાસકાર્ય(Course Work):**

**7.1** વિદ્યાપીઠમાં વિદ્યાવાચસ્પતિમાં શિક્ષણની વ્યવસ્થા પૂર્ણકાલીન અને/અથવા અંશકાલીન રહેશે.

**7.2** વિદ્યાવાચસ્પતિના દરેક વિદ્યાર્થીએ ઓછામાં ઓછા એક સત્રના સમયગાળાનું અભ્યાસકાર્ય કરવાનું રહેશે. અભ્યાસકાર્યના અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

1. સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ - 100 ગુણ
2. સંશોધનમાં કમ્પ્યૂટરનું ઉપયોજન - 50 ગુણ ( 25 ગુણ લેખિત તથા 25 ગુણ પ્રાયોગિક) આ પ્રશ્નપત્રના અભ્યાસક્રમની રચના તથા તેના મૂલ્યાંકનનું આયોજન યુનિવર્સિટી કક્ષાએ કરવાનું રહેશે.

3. સંબંધિત વિષયક્ષેત્રમાં સૈદ્ધાંતિક તેમજ પૂર્વે થયેલાં સંશોધનો વિષયક સાહિત્યની સમીક્ષા - 50 ગુણ

**7.3** વિદ્યાવાચસ્પતિ કક્ષાએ સંબંધિત વિષયોના જૂથ પ્રમાણે કમ્પ્યૂટર ઉપયોજનના વર્ગો લેવાનું વિદ્યાપીઠે આયોજન કરવાનું રહેશે.

જૂથ 1 : ભાષા

જૂથ 2 : સમાજવિજ્ઞાન અને સમાજસેવા

જૂથ 3 : વિજ્ઞાન અને કમ્પ્યૂટર

**7.4** સત્રાંતે, 7.1 માં દર્શાવેલા દરેક વિષયની પરીક્ષામાં વિદ્યાર્થીએ ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા 50 ટકા ગુણ મેળવવાના રહેશે. અભ્યાસકાર્યની પરીક્ષામાં ઉત્તીર્ણ ન થનાર વિદ્યાર્થીને બીજા સત્રના અંતે એક વધારાની તક આપવાની રહેશે. બીજા સત્રને અંતે અભ્યાસકાર્યની આપેલ પરીક્ષામાં પણ પાસ ન થનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થશે. અભ્યાસકાર્યના પરિણામની ફેરતપાસ કરવી શકશે.

**7.5** પ્રથમ સત્ર દરમિયાન તજ્જ્ઞ સમિતિ સમક્ષ વિદ્યાવાચસ્પતિના વિદ્યાર્થીએ પોતાના સંશોધન પ્રસ્તાવની રજૂઆત કરવાની રહેશે. આ માટે પ્રત્યેક વિદ્યાશાખાની સંશોધન માર્ગદર્શક સમિતિ(સંબંધિત વિદ્યાશાખાનો વિદ્યાવાચસ્પતિનો પ્રત્યેક માર્ગદર્શક આ સમિતિનો સભ્ય રહેશે શે )એ વિદ્યાવાચસ્પતિના માર્ગદર્શક હોય તેવા ઓછામાં ઓછા દસ અને વધુમાં વધુ વીસ નામની એક યાદી ત્રણ વર્ષના સમયગાળા માટે પરીક્ષા નિયામકને આપવાની રહેશે. સંશોધન પ્રસ્તાવની તપાસ માટે તજ્જ્ઞોની આ યાદીમાંથી કુલનાયક બે તજ્જ્ઞોના નામ પસંદ કરશે.

**7.6** તજ્જ્ઞ સમિતિમાં નિમ્નલિખિત સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

i. બે વિષય નિષ્ણાતો - તે પૈકીના એક અધ્યક્ષ

ii. મહાવિદ્યાલયના આચાર્ય/ સંયોજક - સભ્ય

iii. વિભાગીય અધ્યક્ષ - સભ્ય

iv. માર્ગદર્શક અને સહમાર્ગદર્શક - સભ્યો

**7.7** સંશોધન પ્રસ્તાવમાં વિદ્યાર્થીએ કરેલા દેખાવનું મૂલ્યાંકન તજ્જ્ઞ સમિતિ દ્વારા હાથ ધરવામાં આવશે. તજ્જ્ઞ સમિતિ સંશોધન પ્રસ્તાવનો સ્વીકાર કરશે / સુધારા સૂચવશે/ અસ્વીકાર કરશે.

તજ્જ્ઞ સમિતિ સમક્ષ સંતોષકારક દેખાવ ન કરનારા વિદ્યાર્થીને ત્રણ માસ પછી અને વધુમાં વધુ છ માસના સમયગાળામાં પોતાના સંશોધન પ્રસ્તાવને સુધારીને પુનઃ રજૂ કરવા માટેની એક તક આપવાની રહેશે. સંશોધન પ્રસ્તાવની પુનઃ તપાસ માટે કુલનાયક તજ્જ્ઞોના નામની સમગ્ર સૂચિમાંથી પુનઃ કોઈપણ બે નામ પસંદ કરશે. (પ્રથમ તપાસ વખતે જે નામ હતા તે પણ હોઈ શકે). આ સમયગાળામાં પુનઃ સંશોધન પ્રસ્તાવ રજૂ ન કર્યો હોય અથવા સંશોધન પ્રસ્તાવ સ્વીકાર્ય ન બન્યો હોય તેવા વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થશે.

**8.વિદ્યાવાચસ્પતિની નોંધણીઃ**

વિદ્યાવાચસ્પતિની તમામ પ્રવેશપ્રક્રિયા પૂર્ણ કરી, પ્રવેશ-આદેશને આધારે ફી ભરનારા વિદ્યાર્થીની નોંધણી કરવાની રહેશે. અભ્યાસકાર્યમાં ઉત્તીર્ણ થયા હોય તેમજ જેનો સંશોધન પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોય તેવા વિદ્યાર્થી પોતાનું શોધકાર્ય ચાલુ રાખી શકશે. પ્રથમ સત્રના અંતે પ્રથમ તક વખતે અભ્યાસકાર્યમાં અનુતીર્ણ

થયા હોય પણ તેમનો સંશોધન પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોય તેવા વિદ્યાર્થી પોતાનું શોધકાર્ય ચાલુ રાખી શકશે. આવા વિદ્યાર્થીએ અભ્યાસકાર્યની પરીક્ષા દ્વિતિય તક વખતે પાસ કરવી અનિવાર્ય ગણાશે. અન્યથા તેવા વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ ગણવામાં આવશે.

**9. શિસ્ત, હાજરી અને પ્રગતિ અહેવાલઃ**

**9.1** વિદ્યાવાચસ્પતિના પ્રત્યેક વિદ્યાર્થીએ વિદ્યાપીઠના શિસ્ત અંગેના નિયમો અને પરંપરાઓને અચૂકપણે અનુસરવાનાં રહેશે. સફાઈ, પ્રાર્થના, કાંતણ, ખાદી, છાત્રાવાસ (પૂર્ણકાલીન માટે) / સમૂહજીવન, સમાજસેવા, ગ્રામ્ય સંસ્કૃતિ, પ્રાકૃતિક પર્યાવરણ તથા તેને આનુષંગિક વિદ્યાપીઠના પાયાનાં તત્ત્વોને અનિવાર્ય રીતે અનુસરવાનાં રહેશે. પ્રવેશ પછીની વિદ્યાપીઠ અભિમુખતા શિબિરમાં વિદ્યાર્થીએ અચૂકપણે ભાગ લેવાનો રહેશે. (પ્રવેશ અરજીપત્રમાં / અલગ પત્ર દ્વારા આ અંગેની વિગતવાર સ્પષ્ટતા કરવાની રહેશે.)

**9.2** વિદ્યાવાચસ્પતિના પ્રત્યેક વિદ્યાર્થીએ નોંધપોથીમાં માર્ગદર્શકને મળ્યાની તારીખ, સમય અને થયેલી ચર્ચા / કાર્યની વિગત સંક્ષિપ્તમાં નોંધવાની રહેશે અને તેમાં માર્ગદર્શક અને વિદ્યાર્થી બંનેએ હસ્તાક્ષર કરવાના રહેશે. વિદ્યાર્થીએ આ નોંધપોથી બે નકલમાં તૈયાર કરવાની રહેશે, જે પૈકીની એક નકલ માર્ગદર્શક પાસે અને એક નકલ વિદ્યાર્થી પાસે રહેશે. વિદ્યાર્થીએ પોતાની નોંધપોથી શોધનિબંધની સોંપણી સમયે જમા કરાવવાની રહેશે. આ નોંધપોથીની વિગતોને આધારે શોધકાર્યનો પ્રગતિ અહેવાલ, પ્રત્યેક સત્રાંતે બે નકલમાં વિદ્યાર્થીએ પરીક્ષા વિભાગને મોકલવાનો રહેશે. નિર્ધારિત સમયે પ્રગતિ અહેવાલ રજૂ ન કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે. નોંધપોથીનું પરિરૂપ પરિશિષ્ટ-2 તથા પ્રગતિ અહેવાલનું પરિરૂપ પરિશિષ્ટ-3 માં દર્શાવ્યા મુજબનું રહેશે.

**10. માર્ગદર્શકની માન્યતાઃ**

**10.1** નિયમ મુજબ પ્રાધ્યાપક વિદ્યાવાચસ્પતિના વિદ્યાર્થીઓને માર્ગદર્શક તરીકે સીધી સેવા આપી શકશે.

**10.2** સહપ્રાધ્યાપક કક્ષાના અધ્યાપક માટેઃ

**i.** વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ની પદવી મેળવેલી હોવી જોઈએ.

**ii.** અનુપારંગત(M.Phil.) કક્ષાએ ત્રણ વર્ષનો શૈક્ષણિક/સંશોધન કાર્યનો અનુભવ મેળવેલો હોવો જોઈએ.

અથવા

પારંગત કક્ષાએ પાંચ વર્ષનો શૈક્ષણિક/સંશોધન કાર્યનો અનુભવ મેળવેલ હોવો જોઈએ.

અથવા

સ્નાતક કક્ષાએ દસ વર્ષનો શૈક્ષણિક/ સંશોધન કાર્યનો અનુભવ હોવો જોઈએ.

**iii.** પાંચ સંશોધન પત્રો અન્વેષણ સામયિકમાં પ્રકાશિત થયેલા હોવા જોઈએ.

iv. એક મેજર રીસર્ચ પ્રોજેક્ટ અથવા બે લઘુશોધ પ્રકલ્પ(માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ) રજૂ કરેલા હોવા જોઈએ.

અથવા

અનુપારંગત(M.Phil.) કક્ષાના ઓછામાં ઓછા પાંચ અથવા પારંગત કક્ષાના વીસ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલું હોય અને તે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલા હોવા જોઈએ.

**10.3** મદદનીશ પ્રાધ્યાપક કક્ષાના અધ્યાપક માટેઃ

i. વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ની પદવી મેળવેલી હોવી જોઈએ.

ii. અનુપારંગત(M.Phil.) કક્ષાએ પાંચ વર્ષનો શૈક્ષણિક/ સંશોધન કાર્યનો અનુભવ હોવો જોઈએ.

અથવા

પારંગત કક્ષાએ સાત વર્ષનો શૈક્ષણિક/ સંશોધન કાર્યનો અનુભવ હોવો જોઈએ.

અથવા

સ્નાતક કક્ષાએ દસ વર્ષનો શૈક્ષણિક/ સંશોધન કાર્યનો અનુભવ હોવો જોઈએ.

iii. સંલગ્ન વિષયમાં પાંચ સંશોધન પત્રો અન્વેષણ સામયિકમાં પ્રકાશિત થયેલા હોવા જોઈએ.

iv. એક મેજર રીસર્ચ પ્રોજેક્ટ અથવા બે લઘુશોધ પ્રકલ્પ(માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ) રજૂ કરેલા હોવા જોઈએ.

અથવા

અનુપારંગત(M.Phil.) કક્ષાના ઓછામાં ઓછા પાંચ અથવા પારંગત કક્ષાના વીસ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલું હોય અને તે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલા હોવા જોઈએ

નોંધઃ

1. સંશોધન વિષયક પુસ્તક-પ્રકાશનને માર્ગદર્શક તરીકેનાં ધોરણોમાં ગણતરીમાં લેવામાં આવશે. (એક સંશોધન વિષયક પુસ્તકને ત્રણ સંશોધન પત્રો સમકક્ષ ગણવામાં આવશે.)
2. રૂપિયા પાંચ લાખ કે તેથી વધુ રકમના પ્રોજેક્ટને મેજર રીસર્ચ પ્રોજેક્ટ તથા પાંચ લાખથી ઓછી રકમના પ્રોજેક્ટને માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ તરીકે ગણતરીમાં લેવામાં આવશે.
3. સંશોધન પત્રમાં પ્રથમ સંશોધક તરીકે નામ હશે તો તે સંશોધન પત્રને માર્ગદર્શક તરીકેના ધોરણોમાં ગણતરીમાં લેવામાં આવશે.

4. અનુપારંગત કક્ષાએ માર્ગદર્શકની માન્યતા માટે રજુ કરેલા સંશોધન પત્રો વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શકની માન્યતા માટે ગણાશે નહીં.
5. "વિદ્યાપીઠ" ત્રૈમાસિકમાં રજૂ થયેલ સંશોધનપત્રને માર્ગદર્શકની માન્યતા માટે રજૂ કરવામાં આવે તો તેનું મૂલ્યાંકન ફરીથી કરાવવાનું રહેશે નહીં.
6. સેમિનારમાં રજૂ થયેલ સંશોધનપત્ર જો આયોજક ISBN ધરાવતા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરે તો તે સંશોધનપત્ર તરીકે ગણાશે.

**10.4** વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 65 વર્ષ પછી માર્ગદર્શક તરીકેની નોંધણી થઈ શકશે નહીં. 65 વર્ષ કરતાં વધુ વય ધરાવતા માર્ગદર્શકો(જો નિવૃત્તિ બાદ ચાલુ રહ્યા હોય તો)ની સાથે સહમાર્ગદર્શકની નિયુક્તિ કરવાની રહેશે.

**10.5** વિદ્યાપીઠની માન્યતા પ્રાપ્ત કરી હોય તેવા અન્ય યુનિવર્સિટીઓના માર્ગદર્શકો સાથે સહમાર્ગદર્શકોની નિમણૂક કરવાની રહેશે.

**10.6** અન્ય યુનિવર્સિટી મારફતે માનદ પદવી મેળવેલી હોય તો માત્ર તે પદવીને આધારે તેમને માર્ગદર્શક તરીકેની માન્યતા આપી શકાશે નહીં.

**10.7** અનુપારંગતમાં માર્ગદર્શન આપતા માર્ગદર્શકની સહમાર્ગદર્શક તરીકે નિમણૂક કરી શકાશે.

## 11.વિદ્યાર્થીસંખ્યાઃ

**11.1** કોઈ પણ સમયે અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિના માર્ગદર્શન માટે વિદ્યાપીઠના કે વિદ્યાપીઠ સિવાયની યુનિવર્સિટીના કુલ મળીને આઠથી વધુ વિદ્યાર્થીઓ રહેશે નહીં. આ આઠ વિદ્યાર્થીઓ પૈકી વિદ્યાવાચસ્પતિના વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓ રહેશે જ્યારે અનુપારંગતના ઓછામાં ઓછા બે અને વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓ રહેશે.

**11.2** વિદ્યાવાચસ્પતિ કક્ષાના કુલ વિદ્યાર્થીઓ પૈકી વિદ્યાપીઠના માર્ગદર્શકો અન્ય યુનિવર્સિટીઓના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકશે.

**11.3** વિદ્યાપીઠ દ્વારા માન્યતા મેળવી હોય તેવા અન્ય યુનિવર્સિટીઓના માર્ગદર્શકો પોતાના આઠ વિદ્યાર્થીઓ પૈકી વિદ્યાપીઠના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકશે.

## 12.માર્ગદર્શકની ફેરબદલી/ સહમાર્ગદર્શકની નિમણૂકઃ

કોઈક કારણોસર વિદ્યાર્થીને માર્ગદર્શકની સેવાઓ ઉપલબ્ધ થતી ન હોય તો વિદ્યાર્થી પરીક્ષા વિભાગને અન્ય માર્ગદર્શક/ સહમાર્ગદર્શકની નિમણૂક માટે અરજી કરી શકશે.

## 13.માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને ગેરલાયક ઠેરવવો/ વિદ્યાર્થીની નોંધણી રદ કરવી:

**13.1** પોતાની પાસે માર્ગદર્શન મેળવતા વિદ્યાર્થીને રદ કરવા માટેનાં કારણો દર્શાવીને

માર્ગદર્શકે પરીક્ષા વિભાગને લેખિત જાણ કરવાની રહેશે.

**13.2** લાંબા સમય સુધી કાર્ય ન કરવું, નિયમિત રીતે માર્ગદર્શકને ન મળવું અને શોધકાર્યમાં સંતોષકારક પ્રગતિ ન કરવી જેવા ગંભીર કિસ્સામાં વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે.

**14.સંશોધન વિષયમાં ફેરફારઃ**

કોઈ કિસ્સામાં વિદ્યાર્થી પોતાના શોધકાર્યનો વિષય બદલવા ઇચ્છતો હોય તો નોંધણી પછીના એક વર્ષના સમયગાળા સુધીમાં ફક્ત એક વાર માર્ગદર્શકની સંમતિથી તેમ કરી શકશે. બદલાયેલા વિષયના સંશોધન પ્રસ્તાવની મંજૂરી મેળવવાની રહેશે.

**15.શોધનિબંધના શીર્ષકમાં ફેરફારઃ**

શોધનિબંધની સોંપણીના ત્રણ માસના સમયગાળા પૂર્વે આ પ્રકારનો ફેરફાર કરી શકાશે, આ પ્રકારનો ફેરફાર નિબંધની વિષયવસ્તુને વધુ સારી રીતે રજૂ કરતો હોય અને નોંધણી થયેલા વિષયના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમાયેલો હોય તે જરૂરી છે.

**16.મુદતવધારો અને પુનઃનોંધણીઃ**

**16.1** વિદ્યાવાચસ્પતિનો અભ્યાસક્રમ ઓછામાં ઓછો ચાર સત્ર(એક સત્ર એટલે છ માસનો સમયગાળો)નો રહેશે. પછીનાં બે સત્રો માટે(પાંચમા અને છઠ્ઠા સત્ર માટે) વિદ્યાર્થી આપોઆપ મુદત વધારા માટે હકદાર રહેશે. તે પછી મુદત વધારાની જરૂર જણાય તો પછીનાં બે સત્રો(સાતમું અને આઠમું સત્ર) સુધીનો મુદતવધારો આપવાની જવાબદારી આચાર્ય/સંયોજકની રહેશે. આ મુદતવધારો પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણને આધારે આપવાનો રહેશે. નવમા સત્ર માટે મુદત વધારાની જરૂર જણાય તો વિદ્યાસભાની મંજૂરી લેવાની રહેશે. આ માટે પણ પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણ અનિવાર્ય ગણાશે. આચાર્ય/સંયોજક/વિદ્યાસભા જરૂરિયાત પ્રમાણે એક કે બે સત્રનો મુદત વધારો આપી શકશે. અભ્યાસના પૂર્ણ સમયગાળામાં પ્રત્યેક સત્રની ફી ભરવાની રહેશે.

**16.2** વિદ્યાવાચસ્પતિની નોંધણી કરાવ્યાનાં દસ સત્રો સુધીમાં શોધનિબંધ પૂર્ણ ન થાય તો મુદત પૂરી થયા પછીના 30 દિવસના સમયગાળામાં વિદ્યાર્થીએ પુનઃનોંધણી કરાવવાની રહેશે. વિદ્યાર્થી પુનઃનોંધણી કરાવે તે પછી ચાર સત્રનો સમયગાળો આપવાનો રહેશે.

**16.3** પુનઃનોંધણીના ચોથા સત્રની સમાપ્તિ બાદ પોતાનું કાર્ય પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીને નિયત મોડાઈ ફી ભરીને વધુમાં વધુ એક માસનો મુદતવધારો મળી શકશે, આ પછી મુદતવધારો મળી શકશે નહીં.

**17.ફીની ચુકવણી:**

વિદ્યાવાચસ્પતિ કક્ષાએ સત્ર શરૂ થયાના એક માસના સમયગાળામાં વિદ્યાર્થીએ નિયત ફી ભરવાની રહેશે. સત્ર પૂર્ણ થયા બાદ પણ ફી ન ભરનાર વિદ્યાર્થી બમણી ફી

ભરીને પોતાનો પ્રવેશ ચાલુ રાખી શકશે. સળંગ બે સત્રોની ફી ન ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે. અભ્યાસના સમગ્ર સમય દરમ્યાનના તમામ સત્રની ફી સમયે સમયે ભરવાની રહેશે.

**18.શોધકાર્યમાં પ્રગતિ અને શોધનિબંધની સોંપણી પૂર્વેનો પરિસંવાદઃ**

**18.1** દરેક વિદ્યાર્થીએ ઓછામાં ઓછી બે વાર પોતાના શોધકાર્યમાં થયેલ પ્રગતિની વિભાગીય પરિસંવાદોમાં રજૂઆત કરવાની રહેશે. આ બે રજૂઆતો પૈકી શોધનિબંધ સુપરત કરવાના ત્રણ માસ અગાઉ સોંપણી પૂર્વેના પરિસંવાદમાં વિદ્યાર્થીએ પોતાના સંશોધનની એક વાર રજૂઆત કરવાની રહેશે, જેમાં તેણે પોતાના સંશોધનનાં તારણોની રજૂઆત અને ખુલાસા કરવાના રહેશે.

**18.2** શોધકાર્યની ગુણવત્તા અંગેના તટસ્થ નિર્ણય માટે, શોધનિબંધ સુપરત કરતા પહેલાં વિદ્યાર્થીએ તે અંગેનું એક શોધપત્ર પરામર્શિત સંશોધન સામયિક(Refreed Journal) અથવા વિદ્યાપીઠની વિદ્યાસભાએ સૂચવેલ સામયિકમાં પ્રકાશિત કરવાનું રહેશે. પ્રકાશન અંગેના સ્વીકૃતિપત્રના રૂપમાં શોધપત્રના સ્વીકારનો પુરાવો રજૂ કરવાનો રહેશે.

**18.3** પરિસંવાદમાં શોધનિબંધની રજૂઆત પછી શોધનિબંધ સુપરત કરવાના બે માસ પૂર્વે શોધનિબંધના સારની 10 નકલો શોધનિબંધની ભાષામાં તથા 6 નકલો હિંદી/અંગ્રેજી ભાષામાં વિદ્યાર્થીએ રજૂ કરવાની રહેશે. શોધનિબંધ ગુજરાતી સિવાયની ભાષામાં હોય તો શોધનિબંધના સારની વધારાની 6 નકલો ગુજરાતી ભાષામાં રજૂ કરવાની રહેશે.

**18.4** શોધનિબંધના સારની નકલો વિભાગમાં જમા કરાવ્યાની તારીખથી વધુમાં વધુ બે સત્રોના સમયગાળામાં શોધનિબંધ પરીક્ષા વિભાગમાં રજૂ કરવાનો રહેશે. આ શરતનું પાલન ન કરનાર વિદ્યાર્થીએ શોધનિબંધ રજૂ કરવા માટે વિદ્યાસભાની પરવાનગી લેવાની રહેશે.

**18.5** શોધનિબંધની તપાસ માટે બહારના ઓછામાં ઓછા છ તજ્જ્ઞો (વિદ્યાવાચસ્પતિના માર્ગદર્શક હોય તેવા)નાં નામની સૂચિ માર્ગદર્શક/ સહમાર્ગદર્શકે વિભાગીય વડા મારફતે પરીક્ષા નિયામકને આપવાની રહેશે. છ તજ્જ્ઞો પૈકીના ઓછામાં ઓછા બે તજ્જ્ઞો શક્ય અને અનુકૂળ હોય તો રાજ્ય કે રાષ્ટ્ર બહારના નક્કી કરવા. શોધનિબંધની તપાસ માટે 70 વર્ષથી વધુ વયની વ્યક્તિની નિમણૂક કરી નહીં શકાય.

**19.શોધનિબંધનું પરિરૂપઃ**

**19.1** વિદ્યાર્થી પોતાની માતૃભાષામાં અથવા હિંદી / અંગ્રેજી ભાષામાં શોધનિબંધ રજૂ કરી શકશે.

**19.2** વિદ્યાર્થી તથા તેના માર્ગદર્શકનું શોધનિબંધની ભાષા પર પ્રભુત્વ હોવું અનિવાર્ય છે.

**19.3** મહાનિબંધના ટાઈપિંગમાં ગુજરાતી માટે 'શ્રુતિ' ફોન્ટ, હિન્દી માટે 'મંગલ' ફોન્ટ તથા

અંગ્રેજી માટે ટાઈમ્સ ન્યુ રોમનનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ ફોન્ટ સિવાયના તેના જેવા અન્ય ફોન્ટનો ઉપયોગ અમાન્ય ગણાશે.

**19.4** શોધનિબંધનું પરિરૂપ પરિશિષ્ટ-4 માં દર્શાવ્યા મુજબનું રહેશે.

**20.શોધનિબંધની સોંપણીઃ**

**20.1** વિદ્યાર્થીએ પરિશિષ્ટ-4 માં દર્શાવેલ પરિરૂપ મુજબ કાચી બાંધણી કરેલા શોધનિબંધની ચાર નકલો (ત્રણ નકલો પરીક્ષા વિભાગ માટે અને એક નકલ માર્ગદર્શક માટે) પરીક્ષા નિયામકને આપવાની રહેશે.

**20.2** પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી પ્રથમ વખત ફી ભર્યાની તારીખથી ઓછામાં ઓછા બે વર્ષના સમયગાળા બાદ શોધનિબંધ જમા કરાવી શકાશે.

**20.3** પરિશિષ્ટ-5 મુજબ વિદ્યાર્થી તથા માર્ગદર્શકે પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**20.4** નિયત પરીક્ષા ફી સાથે, વિદ્યાપીઠના કોઈ પણ વિભાગનું કંઈ પણ લેણું બાકી નથી તે અંગેનું પ્રમાણપત્ર (નિયત પરિરૂપ મુજબ) વિદ્યાર્થીએ રજૂ કરવાનું રહેશે.

**20.5** શોધનિબંધની સોંપણી બાદ અને મૌખિક પરીક્ષા(Viva Voce) પૂર્વે વિદ્યાપીઠ સિવાયના વિદ્યાર્થીઓએ પરીક્ષા વિભાગ દ્વારા આયોજિત યરવડા ચક્ર- પેટી રેંટિયા આધારિત એક કાંતણ કસોટી આપી તેમાં ઉત્તીર્ણ(30 મિનિટમાં 90 તાર) થવાનું રહેશે.

**21.શોધનિબંધનું મૂલ્યાંકનઃ**

**21.1** વિદ્યાર્થી દ્વારા જમા કરાવવવામાં આવેલા શોધનિબંધને બહારના બે પરીક્ષકોએ તપાસવાનો રહેશે. શોધનિબંધ જમા કરાવતા પહેલાં માર્ગદર્શક દ્વારા સૂચવાયેલાં છ નામ પૈકી કુલનાયક બહારના બે તજ્જ્ઞોની પરીક્ષકો તરીકે નિમણૂક કરશે.

**21.2** શોધનિબંધ તપાસ્યા પછી દરેક પરીક્ષકે પરીક્ષા નિયામકને લેખિત અહેવાલ આપવાનો રહેશે. મૂલ્યાંકનની સારરૂપ બાબતો પરિશિષ્ટ-6 મુજબ તૈયાર કરી અહેવાલ સાથે મોકલવાની રહેશે, જેમાં પોતાના મતાનુસાર સ્પષ્ટ ભલામણ કરવામાં આવી હશે કે,

i. શોધનિબંધનો સ્વીકાર કરી વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ની પદવી એનાયત કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

અથવા

ii. શોધનિબંધને સૂચના મુજબ સુધારીને છ માસમાં પુનઃ રજૂ કરવા માટે ભલામણ કરવામાં આવે છે. (પુનઃતપાસ માટે શોધનિબંધ તે જ પરીક્ષકને મોકલવાનો રહેશે.)

અથવા

iii. શોધનિબંધનો અસ્વીકાર કરી વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ની પદવી એનાયત કરવા માટે ભલામણ કરવામાં આવતી નથી.

**21.3** બાહ્ય પરીક્ષકોએ પરિશિષ્ટ-6 માં સૂચવેલા પરિરૂપ મુજબ નિબંધ મળ્યાની તારીખથી ત્રણ માસમાં પોતાનો મૂલ્યાંકન અહેવાલ મોકલવાનો રહેશે.

**21.4** જો માત્ર એક જ પરીક્ષક શોધનિબંધનો અસ્વીકાર કરે તો નક્કી થયેલી નામની સૂચિમાંથી કુલનાયક દ્વારા નિયુક્ત થયેલા તૃતીય પરીક્ષકને તે મોકલવાનો રહેશે, જેનો નિર્ણય આખરી ગણાશે.

**21.5** જો બંને પરીક્ષકો શોધનિબંધનો અસ્વીકાર કરે તો વિદ્યાર્થીને વિદ્યાવાચસ્પતિમાં અનુત્તીર્ણ જાહેર કરવાનો રહેશે.

**21.6** મૌખિક પરીક્ષા પૂર્વે પરીક્ષકો દ્વારા સૂચવાયેલા સુધારા-વધારા વિદ્યાર્થીએ શોધનિબંધમાં કરવાના રહેશે. આ માટે પરીક્ષા નિયામક, પરીક્ષકની ઓળખ પ્રગટ કર્યા સિવાય, સૂચવાયેલા સુધારા-વધારાની જાણ માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને કરશે.

**21.7** લેખિત અહેવાલ તથા મૌખિક પરીક્ષા(Viva) અંતર્ગત આવેલાં સૂચનો(જો કોઈ હોય તો) મુજબના ફેરફારો શોધનિબંધમાં કરીને પાકી બાંધણીવાળી ચાર નકલો (બે નકલો પરીક્ષા વિભાગ માટે, એક નકલ માર્ગદર્શક માટે અને એક નકલ સંબંધિત વિભાગ માટે) તથા સોફ્ટ કોપી (સીડી) મૌખિક પરીક્ષા પછી વિદ્યાર્થીએ પરીક્ષા નિયામકને આપવાની રહેશે. શોધનિબંધમાં સૂચવવામાં આવેલા ફેરફારો/સુધારા-વધારા સ્વચ્છતાપૂર્વક ટાઈપ કરાવીને અગાઉનાં પૃષ્ઠોની જગ્યાએ મૂકવાના રહેશે. વિદ્યાર્થીએ સૂચિત બધા જ ફેરફારો/સુધારા-વધારા કર્યા છે તે મુજબનું પ્રમાણપત્ર સંબંધિત માર્ગદર્શકે/સહમાર્ગદર્શકે આપવાનું રહેશે. માર્ગદર્શક દ્વારા આપવામાં આવેલું આ મુજબનું પ્રમાણપત્ર શોધનિબંધના શીર્ષકપૃષ્ઠ(Title Page)ની પૂર્વે ચોંટાડવાનું રહેશે.

**22. મૌખિક પરીક્ષા(Viva Voce)**

**22.1** વિદ્યાર્થીએ મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે. પરીક્ષકો માર્ગદર્શકની હાજરીમાં તપાસ હેઠળની વિવિધ બાબતોને ધ્યાનમાં રાખી પ્રશ્નોત્તરી કરશે. ત્યાર બાદ સંબંધિત વિભાગના અધ્યાપકો તથા સંશોધન કાર્યમાં પ્રવૃત્ત વિદ્યાર્થીઓની સમક્ષ વિદ્યાર્થીએ જાહેર પરિસંવાદ આપવાનો રહેશે.

**22.2** પરીક્ષકોના અહેવાલોને તપાસ્યા પછી, પરીક્ષકોએ નિબંધનો સ્વીકાર કર્યો છે તે મુજબનો કુલનાયકને સંતોષ થાય તો તે મૌખિક પરીક્ષા લેવાની ભલામણ કરશે.

**22.3** વિદ્યાવાચસ્પતિ કક્ષાએ શોધનિબંધ પરની મૌખિક પરીક્ષા જે તે વિદ્યાર્થીના માર્ગદર્શકે ગોઠવવાની રહેશે. આ માટે પરીક્ષા વિભાગ પરીક્ષકનું નામ વિભાગીય અધ્યક્ષ મારફતે માર્ગદર્શકને મોકલી આપશે. માર્ગદર્શક પરીક્ષક સાથે મસલત કરીને મૌખિક પરીક્ષાની તારીખ, સમય અને સંબંધિત વિગતો નક્કી કરીને વિભાગીય અધ્યક્ષ મારફતે પરીક્ષા નિયામકને મોકલી આપશે.

**22.4** મૌખિક પરીક્ષા સંબંધિત વિભાગમાં લેવાની રહેશે, સિવાય કે કુલનાયક દ્વારા કોઈ અલગ સૂચના આપવામાં આવી હોય. પરીક્ષા નિયામકે મૌખિક પરીક્ષાની તારીખ, સમય અને અન્ય વિગતોનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે. મૌખિક પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા આઠ(8) દિવસ પૂર્વે મૌખિક પરીક્ષાનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે. સંબંધિત વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને મૌખિક પરીક્ષામાં હાજર રહેવાની જાણ વિભાગીય અધ્યક્ષે કરવાની રહેશે.

**22.5** નીચે મુજબના સભ્યોની બનેલી સમિતિ દ્વારા મૌખિક પરીક્ષા લેવામાં આવશે.

i. કુલનાયક - અધ્યક્ષ

ii. બાહ્ય પરીક્ષકોમાંથી એક - સભ્ય

ii. માર્ગદર્શક / સહમાર્ગદર્શક – સભ્ય / સભ્યો

iv. સંબંધિત વિભાગના વડા - સભ્ય તરીકે હાજર રહી શકશે.

**22.6** કુલનાયકની ગેરહાજરીમાં કુલનાયકના પ્રતિનિધિએ કે બાહ્ય પરીક્ષકે અધ્યક્ષનું સ્થાન ગ્રહણ કરવાનું રહેશે.

**22.7** મૌખિક પરીક્ષામાં વિદ્યાર્થીના દેખાવને આધારે મૌખિક પરીક્ષા સમિતિએ નીચે મુજબની ભલામણ કરવાની રહેશે કે,

**i.** વિદ્યાર્થીને વિદ્યાવાચસ્પતિની પદવી એનાયત કરવામાં આવે. સૂચવવામાં આવેલા ફેરફારો \ સુધારા-વધારા(જો કોઈ હોય તો) પરિણામ પૂર્વે પૂર્ણ કરવામાં આવે.

અથવા

**ii.** ત્રણ માસમાં પુનઃ મૌખિક પરીક્ષા ગોઠવવામાં આવે.

**22.8** મૌખિક પરીક્ષાનો ઠરાવ અધ્યક્ષે પરીક્ષા નિયામકને મોકલવાનો રહેશે. પરીક્ષા નિયામકે ઠરાવને, કુલનાયકની આખરી માન્યતા માટે કુલસચિવને મોકલી આપવાનો રહેશે.

**23.જાહેરનામું:**

કુલસચિવ કુલનાયકના નિર્ણયનો પત્ર પરીક્ષા નિયામકને સોંપશે. ઉત્તીર્ણ વિદ્યાર્થી માટે કુલસચિવના હસ્તાક્ષરથી પરીક્ષા નિયામકે જાહેરનામું બહાર પાડવાનું રહેશે. પાકી બાંધણીવાળા, સુધારેલા, સંવર્ધિત શોધનિબંધની ત્રણ નકલો તથા સોફ્ટ કોપી (સીડી) વિદ્યાર્થી પરીક્ષા વિભાગમાં રજૂ કરે તે પછી જ જાહેરનામું બહાર પાડવાનું રહેશે. વિદ્યાવાચસ્પતિ કક્ષાએ શોધનિબંધની ત્રણ નકલો પૈકી એક નકલ જે તે વિભાગને પરિણામ જાહેર થયેથી મોકલી આપવામાં આવશે.

**24.યુ.જી.સી.માં સોંપણીઃ**

**24.1** વિદ્યાવાચસ્પતિની પદવીનું જાહેરનામું પ્રગટ કર્યા પછીના ત્રીસ દિવસમાં, તમામ સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયો ઉપયોગમાં લઈ શકે તે હેતુથી ઇનફ્લિબનેટ(INFLIBNET) પર મૂકવા માટે, વિદ્યાપીઠે શોધનિબંધની સોફ્ટ કોપી યુ.જી.સી.ને મોકલવાની રહેશે.

**24.2** 'અનુપારંગત(M.Phil.) અને વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ની પદવી એનાયત કરવાની પ્રક્રિયા અને લઘુતમ ધોરણો અંગેનો વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ(UGC) અધિનિયમ - 2009'ની જોગવાઈ અનુસાર પદવીની જાહેરાત કરવામાં આવી છે તે મુજબનું એક પ્રમાણપત્ર વિદ્યાપીઠે વિદ્યાર્થીને આપવાનું રહેશે.

**25.પદવીદાનઃ**

ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી વિદ્યાપીઠના તે પછીના પદવીદાન સમારંભમાં વિદ્યાવાચસ્પતિની પદવી મેળવવા માટે અરજી કરી શકશે. વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ પ્રતિવર્ષ 18 ઑક્ટોબરના રોજ અચૂકપણે યોજવામાં આવે છે. ઉત્તીર્ણ વિદ્યાર્થીએ વિદ્યાવાચસ્પતિની પદવી મેળવવા માટે અરજી પત્ર ભરવાનું રહેશે.

**26.અર્થઘટનઃ**

આ અધિનિયમમાં સમાવિષ્ટ કોઈ પણ કલમ કે જોગવાઈના સંદર્ભે, અર્થઘટનમાં કોઈ મતભેદ પેદા થાય, તો કુલનાયકનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**27.વિશેષઃ**

11 જુલાઈ, 2009 – (તા. 10-04-2014 ના રોજ થયેલા સુધારા-વધારા સહિત) (અનુપારંગત(M.Phil.) અને વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ની પદવી એનાયત કરવાની પ્રક્રિયા અને લઘુતમ ધોરણો અંગેનો વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ(UGC) અધિનિયમ - 2009 ના અસ્તિત્વમાં આવ્યાનો દિવસ)ના દિવસથી આ અધિનિયમનો અમલ કરવાનો રહેશે. સિવાય કે વિદ્યાર્થીએ 11 જુલાઈ, 2009 પૂર્વે પ્રવેશ મેળવેલ હોય, આ અધિનિયમના અમલની સાથે આ સંબંધિત અગાઉના નિયમો રદ થયેલા ગણાશે.

**પરિશિષ્ટ-I**

**વિદ્યાવાચસ્પતિની નોંધણીની જાહેરાતનું પરિરૂપ**

# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ

## વિદ્યાવાચસ્પતિની નોંધણી માટેની જાહેરાત

ક્રમાંક. ગૂવિ./ વિદ્યાવાચ.- તા. / /20….

ગૂજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક વિભાગોમાં વિદ્યાવાચસ્પતિ(Ph.D.)ના કાર્યક્રમમાં નોંધણી કરાવવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આ સાથે અરજીઓ મંગાવવામાં આવે છે. વિદ્યાવાચસ્પતિની પદવી માટે વિદ્યાપીઠે ઘડેલા પ્રવેશ પરીક્ષાના અધિનિયમ અનુસાર આ નોંધણી કરવામાં આવશે. તા. / /20... થી ગૂજરાત વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાં ............રૂપિયા રોકડા અથવા બેન્ક ચલણ મારફતે ફી પેટે ભરીને સૂચિત અરજીપત્ર મેળવી શકાશે.

**સંપૂર્ણ રીતે ભરેલું અરજીપત્ર મોકલી આપવાની અંતિમ તારીખ ................. છે.**

**સૂચનાઓઃ**

1. વિદ્યાશાખા/ વિષયવાર ખાલી જગ્યાઓની સ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | વિષય | ખાલી જગ્યાની સંખ્યા | ક્રમ | વિષય | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| (1) | | | (8) | | |
| (2) | | | (9) | | |
| (3) | | | (10) | | |
| (4) | | | (11) | | |
| (5) | | | (12) | | |
| (6) | | | (13) | | |
| (7) | | | (14) | | |

2. વિદ્યાવાચસ્પતિમાં પ્રવેશ માટે પોતાની અરજી મોકલતા પહેલાં ખાલી જગ્યાની ઉપરોક્ત સ્થિતિ તપાસી લેવી.
3. પ્રવેશ લાયકાત, પ્રવેશ પરીક્ષાનું સ્વરૂપ તથા ફીના માળખા સંબંધિત માહિતી વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી શકાશે.
4. રૂબરૂમાં અરજીપત્ર મેળવવા ઇચ્છતા ઉમેદવારે ........... રૂપિયા ભરીને તે મેળવી શકશે.

5. વિદ્યાપીઠની વેબસાઈટ 'www.gujaratvidyapith.org' પરથી પણ અરજીપત્ર ડાઉનલોડ કરી શકાશે. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, આશ્રમરોડ બ્રાન્ચનો કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠના નામનો ................ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ અરજીપત્ર સાથે મોકલવાનો રહેશે.
6. વિવિધ કક્ષાઓમાં અનામત જગ્યાઓની જોગવાઈ અનામત અંગેના તત્કાલીન નિયમો અનુસાર કરવાની રહેશે.
7. જરૂરી દસ્તાવેજો સાથેનું ભરેલું અરજીપત્ર ઉમેદવારે ફક્ત ગૂજરાત વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાં આપવાનું રહેશે.
8. છેલ્લી તારીખ પછી મળેલાં અરજીપત્રો ધ્યાનમાં લેવામાં નહીં આવે.

**કુલસચિવ**

**ગૂજરાત વિદ્યાપીઠ**

**અમદાવાદ**

## પરિશિષ્ટ-II

## નોંધપોથીનું પરિરૂપ

## મુલાકાત નોંધ

1) વિદ્યાર્થીનું નામઃ

2) મુલાકાત ક્રમાંકઃ

3) માર્ગદર્શકને મળ્યાની તારીખઃ __/__/20....

4) મળ્યાનો સમયગાળોઃ __.__ થી __.__ વાગ્યા સુધી

5) વિદ્યાર્થીએ તપાસ માટે રજૂ કરેલું લેખનકાર્યઃ

6) પૂર્વ મુલાકાત બાદ વિદ્યાર્થી દ્વારા શોધકાર્યમાં થયેલી પ્રગતિઃ

7) વિદ્યાર્થીએ હાથ ધરવાની કામગીરીઃ

8) આગામી મુલાકાતની તારીખઃ __/__/20.... વારઃ સમયઃ __.__

વિદ્યાર્થીના હસ્તાક્ષર

9) માર્ગદર્શકનાં સૂચનોઃ

માર્ગદર્શકનું નામઃ

માર્ગદર્શકના હસ્તાક્ષર

**પરિશિષ્ટ-III**

**પ્રગતિ અહેવાલનું પરિરૂપ**

**પ્રગતિ અહેવાલ**

1. વિદ્યાર્થીનું નામઃ
2. વિભાગઃ
3. અનુપારંગત/ વિદ્યાવાચસ્પતિનો નોંધણીક્રમાંકઃ
4. નોંધણી તારીખઃ
5. શોધનિબંધનો વિષયઃ

6. માર્ગદર્શકનું નામઃ
7. અહેવાલનો સમયગાળોઃ તા. ____/ ___/ 20 થી તા. ____/ ___/ 20
8. અહેવાલનો સત્રકમાંકઃ
9. માર્ગદર્શકને મળ્યાની તારીખોઃ

10. વાંચેલાં પુસ્તકોની સૂચિઃ

11. પ્રત્યક્ષકાર્યનો અહેવાલ(સંસ્થા અને સ્થળોની વિગતો સહિત):

12. સંશોધન સંદર્ભે વ્યક્તિઓની લીધેલી મુલાકાતો(નામ અને હોદ્દા સહિત):

**13.** સત્ર દરમિયાન કરેલું કાર્યઃ

**14.** આગામી સત્રનું આયોજનઃ

________________________

તા. ____/ ___/ 20 વિદ્યાર્થીની સહી

---

માર્ગદર્શકનો અભિપ્રાયઃ

________________________

તા. ____/ ___/ 20 માર્ગદર્શકની સહી

---

આચાર્ય/ અધ્યક્ષની નોંધઃ

________________________

તા. ____/ ___/ 20 આચાર્ય/ અધ્યક્ષની સહી

---

કુલસચિવની નોંધઃ

________________________

તા. ____/ ___/ 20 કુલસચિવની સહી

## પરિશિષ્ટ-IV
## વિદ્યાવાચસ્પતિના શોધનિબંધનું પરિરૂપ

શોધનિબંધનું પરિરૂપ નીચે પ્રમાણે રહેશે.

1. નકલો માટે સારી ગુણવત્તાવાળો કાગળ વાપરવાનો રહેશે. રજૂ કરવામાં આવનારા નિબંધના લખાણમાં કાળા-ભૂખરા કે એવા કોઈ પણ પ્રકારના ડાઘા વિનાની એકધારી ગુણવત્તાવાળી ઝેરોક્ષ નકલો કરાવવાની રહેશે.
2. બધી જ નકલોનું લખાણ A4 સાઈઝના સફેદ કાગળની એક જ બાજુ 1.0 (Single) લાઈન સ્પેસમાં ટાઈપ કરેલું હોવું જરૂરી છે.
3. ગુજરાતી લખાણ માટે શ્રુતિ, હિંદી લખાણ માટે મંગલ અને અંગ્રેજી લખાણ માટે ટાઈમ્સ ન્યુ રોમન ફોન્ટના સંદર્ભે ઉપયોગમાં લેવાના ફોન્ટનું માપ નીચે દર્શાવ્યું છે.

| | | |
|---|---|---|
| i. | પ્રકરણ/ પરિશિષ્ટનું શીર્ષક | 14 પોઇંટ બોલ્ડ |
| ii. | શીર્ષક/ પેટા શીર્ષક | 11 પોઇંટ બોલ્ડ |
| iii. | પાઠ | 11 પોઇંટ |
| iv. | પાદટીપ | 9 પોઇંટ |
| v. | સંદર્ભસૂચિ | 11 પોઇંટ |

4. બાંધણી તરફ 1.5 ઇંચ જ્યારે અન્યત્ર 1 ઇંચનો માર્જિન છોડવાનો રહેશે.
5. પૃષ્ઠક્રમાંક, હેડર તથા ફુટરને માર્જિનની અંદર મૂકી શકાશે, પરંતુ કોઈપણ સંજોગોમાં તે પૃષ્ઠની ધારથી ઓછામાં ઓછું અર્ધો ઇંચ દૂર રહે તેમ મૂકવાનાં રહેશે.
6. શોધનિબંધના પ્રત્યેક પૃષ્ઠ(કોરા પૃષ્ઠ સહિત)ને ક્રમાંક આપવાના રહેશે. અલબત્ત, કોરા પૃષ્ઠ કે પ્રથમ પૃષ્ઠ પર પૃષ્ઠક્રમાંક છાપવાનો રહેશે નહીં. કોરા પૃષ્ઠ, પ્રસ્તાવના, અનુક્રમણિકા, સારણીસૂચિ, આકૃતિસૂચિ, પરિશિષ્ટસૂચિને રોમન લિપિમાં અલગથી ક્રમાંક આપવાના રહેશે. શોધનિબંધનાં પ્રકરણ, આકૃતિ, આલેખ, નકશા, સંદર્ભસૂચિ, પરિશિષ્ટ ઇત્યાદિ દરેકને સળંગ પૃષ્ઠક્રમાંક આપવાના રહેશે.
7. જ્યારે કોઈ આકૃતિ, આલેખ, નકશા કે લખાણને આડું(Landscape) મૂકવાનું થાય ત્યારે તેનો આધાર(Bottom) બાંધણીની સામેની ધાર તરફ રહે તે રીતે તેને ગોઠવવાનું રહેશે.
8. શોધનિબંધની પીઠ(Spine) પર પદવીનું નામ, શોધનિબંધના વિષયનું સંક્ષિપ્ત શીર્ષક અને વિદ્યાર્થીનું નામ મૂકવાનું રહેશે.
9. શોધનિબંધ જે ભાષામાં હોય તે ભાષામાં જ આવરણ પૃષ્ઠ(Cover Page) અને

શીર્ષકપૃષ્ઠ(Title Page)નું લખાણ રાખવાનું રહેશે. શીર્ષકપૃષ્ઠ(Title Page)ના પછીના ક્રમે વૈકલ્પિક ભાષામાં શીર્ષકપૃષ્ઠ પુનઃ રજૂ કરવાનું રહેશે. વૈકલ્પિક ભાષા નીચે મુજબ રહેશે.

| | **નિબંધની ભાષા** | **વૈકલ્પિક ભાષા** |
|---|---|---|
| **i.** | ગુજરાતી/હિન્દી | અંગ્રેજી |
| **ii.** | અંગ્રેજી | ગુજરાતી/હિન્દી |
| **iii.** | ગુજરાતી/હિન્દી સિવાયની કોઈ પણ ભારતીય ભાષા | અંગ્રેજી અને ગુજરાતી/હિન્દી (આ કિસ્સામાં વધારાના એકને બદલે બે શીર્ષકપૃષ્ઠ મૂકવાના થશે.) |
| **iv.** | અંગ્રેજી સિવાયની કોઈ પણ વિદેશી ભાષા | ,, ,, |

10. શોધનિબંધના વિભિન્ન વિભાગોનો ક્રમ આ પ્રમાણે રહેશે.

**i.** આવરણ પૃષ્ઠ(પાકું)
**ii.** કોરું પૃષ્ઠ
**iii.** શોધનિબંધની ભાષામાં શીર્ષકપૃષ્ઠ
**iv.** વૈકલ્પિક ભાષા/ભાષાઓમાં શીર્ષકપૃષ્ઠ/પૃષ્ઠો
**v.** વિદ્યાર્થી-માર્ગદર્શકનું પ્રમાણપત્ર(પરિશિષ્ટ-5 મુજબ)
**vi.** પ્રસ્તાવના/આભારદર્શન
**vii.** અનુક્રમણિકા (પૃષ્ઠક્રમાંક સહિત)
**viii.** સારણી સૂચિ (પૃષ્ઠક્રમાંક સહિત)
**ix.** આકૃતિ/ આલેખ/ નકશા/ સંક્ષેપ સૂચિ (પૃષ્ઠક્રમાંક સહિત)
**x.** પ્રકરણો
**xi.** સંદર્ભસૂચિ(References)
**xii.** વાઙ્મયસૂચિ(Bibliography)
**xiii.** પરિશિષ્ટો
**xiv.** પારિભાષિક શબ્દસૂચિ
**xv.** કોરું પૃષ્ઠ

પરિશિષ્ટ-V

# <u>પ્રમાણપત્ર</u>

આથી હું ______________________________________ લખી આપું છું કે ગ્રંથાલય અથવા દસ્તાવેજીકરણ કેન્દ્રના કોઈ કાર્ય માટે મારા શોધનિબંધનો કોઈ ભાગ કે સંપૂર્ણ શોધનિબંધ **કોઈને** સોંપવામાં આવશે તો તેનો મને કોઈ વાંધો નથી.

**સ્થળ : ________________** **વિદ્યાર્થીની સહી : ________________**

**તારીખ : ________________** **વિદ્યાર્થીનું નામ : ________________**

**માર્ગદર્શકની સહી : ________________________________**

**માર્ગદર્શકનું નામ : ________________________________**

**સરનામું : ________________________________**

________________________________

________________________________

# પ્રમાણપત્ર

આથી હું / અમે _______________________ પ્રમાણપત્ર આપું છું / આપીએ છીએ કે મારા / અમારા સીધા માર્ગદર્શન હેઠળ ગૂજરાત વિદ્યાપીઠમાં _______________________ _____________________________ ની પદવી મેળવવાના ભાગરૂપે શ્રી _____________ __________________________ દ્વારા ____________________________ વિષયમાં રજૂ કરવામાં આવેલો શોધનિબંધ કે જેનું શીર્ષક ___________________________________ _______________________________________ છે તે વિશ્વસનીય અને પદ્ધતિસરનું યોગ્ય શોધકાર્ય છે. ગૂજરાત વિદ્યાપીઠ અથવા અન્ય કોઈ વિશ્વવિદ્યાલય(યુનિવર્સિટી)માં આ શોધકાર્યનો કોઈપણ ભાગ બીજી કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યો નથી.

**સ્થળ :** _______________

**તારીખ :** _______________

**માર્ગદર્શકની સહી :** ____________________

**માર્ગદર્શકનું નામ :** ____________________

**સરનામું :** _________________________

_________________________

_________________________

**સહમાર્ગદર્શકની સહી :** _________________

**સહમાર્ગદર્શકનું નામ :** _________________

**સરનામું :** _________________________

_________________________

_________________________

# બાહેંધરી

આથી હું બાહેંધરી આપું છું કે આ શોધનિબંધમાં પ્રસ્તુત સમગ્ર સંશોધનકાર્ય ____________________ વિષયમાં ____________________ ની પદવી પ્રાપ્ત કરવાના ભાગરૂપે નીચે સહી કરનારા ____________________________________________ ના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ રજૂ કરવામાં આવ્યું છે. આ સંશોધનકાર્યનો કોઈપણ હિસ્સો બીજી કોઈ પદવી માટે રજૂ કરવામાં આવેલો નથી.

**સ્થળ : ________________**

**વિદ્યાર્થીની સહી : ________________**

**તારીખ : ________________**

**વિદ્યાર્થીનું નામ : ________________**

**માર્ગદર્શકની સહી : ________________________________**

**માર્ગદર્શકનું નામ : ________________________________**

**સરનામું : ________________________________**

________________________________

________________________________

**સહમાર્ગદર્શકની સહી : ________________________**

**સહમાર્ગદર્શકનું નામ : ________________________**

**સરનામું : ________________________________**

________________________________

________________________________

# CERTIFICATE

**This is to certify that I have no objection for supplying a copy of my thesis or any part of it to rendering service either in library or documentation centre.**

**Place :** ______________________ **Student's Signature :** _____________

**Date :** ______________________ **Student's Name :** _____________

**Guide's Signature :** ________________________________

**Guide's Name :** ________________________________

**Guide's Address :** ________________________________

________________________________

________________________________

________________________________

# CERTIFICATE

**This is to certify that the thesis entitled ________________**

**________________________________ Submitted by __________________**

**in partial fulfillment of the requirements for the award of the degree of ___________________________ in _________________ of the Gujarat Vidyapith, Ahmedabad is a faithful record of bona fide research work carried out by him under my/our personal guidance and supervision and the thesis has not previously formed the basis for the award of any degree, diploma or any other similar title.**

**Place : ________________**

**Date : ________________**

**Guide's Signature : ____________________**

**Guide's Name : ____________________**

**Guide's Address : ____________________**

**____________________**

**____________________**

**Place : ________________**

**Date : ________________**

**Co-Guide's Signature :____________________**

**Co-Guide's Name : ____________________**

**Co-Guide's Address :____________________**

**____________________**

**____________________**

# DECLARATION

**This is to declare that whole of the research work reported here in this thesis for the partial fulfillment of the requirements for the degree of ______________________________ in _____________ by the undersigned is the result of investigation done by him under the direct guidance and supervision of __________________ Department of , Gujarat Vidyapith, Ahmedabad and no part of the work has been submitted for any other degree so far.**

**Place :** ____________________ **Student's Signature :** ____________

**Date :** ____________________ **Student's Name :** ____________

**Guide's Signature :** ______________________________

**Guide's Name :** ______________________________

**Guide's Address :** ______________________________
______________________________
______________________________

**Co-Guide's Signature:** ______________________________

**Co-Guide's Name :** ______________________________

**Co-Guide's Address :** ______________________________
______________________________
______________________________

# प्रमाणपत्र

मैं ____________________________________________ निवेदन करता हूँ कि, ग्रंथालय या दस्तावेजी कार्य हेतु मेरे शोधनिबंध का किसी भाग या संपूर्ण शोधनिबंध किसी को दिये जाने पर मुझे किसी प्रकार की आपत्ति नहीं होगी ।

**स्थळ** : _________________ **विद्यार्थी के हस्ताक्षर** : _____________

**दिनांक** : _________________ **विद्यार्थी का नाम** : ________________

**मार्गदर्शक के हस्ताक्षर** : ______________________________________

**मार्गदर्शक का नाम** : ______________________________________

**पता** : ______________________________________

______________________________________

______________________________________

# प्रमाणपत्र

मैं/हम ____________________________ प्रमाणपत्र प्रदान करता/ते हूँ/है कि, मेरे/हमारे मार्गदर्शन तहत गूजरात विद्यापीठ की __________________________________________ उपाधि हेतु श्री ______________________________________ द्वारा __________________________ विषय में प्रस्तुत शोधनिबंध जिसका शीर्षक ____________________________________________________________________________ है । यह विश्वसनीय एवं उचित संशोधनकार्य है । गूजरात विद्यापीठ या अन्य किसी विश्वविद्यालय में इस संशोधनकार्य का किसी भाग अन्य उपाधि हेतु प्रस्तुत नहीं किया गया है

**स्थळ** : ________________ **मार्गदर्शक के हस्ताक्षर :** ____________________

**दिनांक** : ________________ **मार्गदर्शक का नाम :** ____________________

**पता** : ________________________

________________________

________________________

**स्थळ** : ________________ **सह-मार्गदर्शक के हस्ताक्षर :** ____________________

**दिनांक** : ________________ **सह-मार्गदर्शक का नाम :** ____________________

**पता** : ________________________

________________________

________________________

# विश्वास-पत्र

मैं निवेदन करता हूँ कि, इस शोधनिबंध में प्रस्तुत समग्र संशोधनकार्य __________ ______________________ विषय में ________________________ उपाधि हेतु _____________ _________________________________ के मार्गदर्शन में प्रस्तुत किया है । इस संशोधनकार्य का किसी भाग अन्य किसी उपाधि हेतु प्रस्तुत नहीं किया गया है ।

**स्थळ** : ________________

**विद्यार्थी के हस्ताक्षर** : ____________

**दिनांक** : ________________

**विद्यार्थी का नाम** : ______________

**मार्गदर्शक के हस्ताक्षर** : ___________________________________

**मार्गदर्शक का नाम** : ___________________________________

**पता** : ___________________________________

___________________________________

___________________________________

**सह-मार्गदर्शक के हस्ताक्षर** : ________________________________

**सह-मार्गदर्शक का नाम** : ___________________________________

**पता** : ___________________________________

___________________________________

___________________________________

परिशिष्ट-VI

મૂલ્યાંકન અહેવાલનું પરિરૂપ

# ગૂજરાત વિદ્યાપીઠ: અમદાવાદ

## ગૂજરાત વિદ્યાપીઠના અનુપારંગત (M.Phil.) / વિદ્યાવાચસ્પતિ (Ph.D.) અભ્યાસક્રમ અંતર્ગત શોધનિબંધ વિશે પરીક્ષકનો લેખિત અહેવાલ

| | | |
|---|---|---|
| પરીક્ષાર્થીનું નામ | : | |
| (અટકથી શરૂ કરીને) | | |
| | | |
| સરનામું | : | |
| | | |
| મહાવિદ્યાલયનું નામ | : | |
| | | |
| વિષય | : | |
| | | |
| | | |
| શોધનિબંધનું શીર્ષક | : | |
| | | |
| | | |
| માર્ગદર્શકનું નામ, હોદ્દો અને સરનામું | : | |
| | | |
| | | |
| નિબંધ પરીક્ષણ માટે મળ્યાની તારીખ | : | |
| | | |
| | | |

નિબંધ તપાસીને પૂર્ણ કર્યાની તારીખ :

મેં ઉપરોક્ત પદવી માટેનો ઉપરોક્ત શોધનિબંધ પૂરો તપાસ્યો છે. તે અંગે મારાં મંતવ્યો નીચે મુજબ છે.

....૨

(૧) <u>શોધનિબંધનું શીર્ષક:-</u> યોગ્ય છે. / વિષયવસ્તુને અનુરૂપ નથી. / અસ્પષ્ટ છે. / અપુરતુ છે.

શીર્ષક જો અયોગ્ય હોય તો :
કરવાનો થતો સુધારો દર્શાવો.

(૨) <u>શોધનિબંધ રજૂ કરનારની નિબંધની રજૂઆત અંગે :-</u>

| ક્રમ | વિગત | વધુ સારૂં | સારૂં | મધ્યમસર | નબળું | અતિ નબળું |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભાષા | | | | | |
| ૨. | અભિવ્યક્તિ | | | | | |
| ૩. | લખાણની સુઘડતા | | | | | |
| ૪. | રજૂઆતની વૈજ્ઞાનિકતા | | | | | |
| ૫. | મેથડોલોજી | | | | | |
| ૬. | અન્ય | | | | | |

(3) <u>શોધનિબંધમાં પરીક્ષાર્થીના સ્વાધ્યાયનું પ્રતિબિંબ :-</u>

૧.

૨.

૩.

(૪) <u>શોધનિબંધમાં રજૂ કરેલાં તારણ અને અર્થઘટન અંગે :-</u>

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.

(૫) **દરેક પ્રકરણમાં આપેલી માહિતીની અધિકૃતતા વિશે પ્રકરણવાર મંતવ્ય :-**

**પ્રકરણ - ૧.**

**પ્રકરણ - ૨.**

**પ્રકરણ - 3.**

**પ્રકરણ - ૪**

**પ્રકરણ - ૫**

**ઉપસંહાર :-**

(૬) **શોધનિબંધ પ્રકાશન કરવા અંગે અભિપ્રાય / સૂચનો :-**

(સૂચનો વધારે હોય તો અન્ય પેજ ઉપર લખીને અહેવાલ સાથે જોડી શકો છો.)

૧. યથાવત્ પ્રકાશન કરવાની પરવાનગી આપવી.

૨. ટૂંકાવીને પ્રકાશન કરવાની પરવાનગી આપવી.

૩. નીચેના સુધારા કરીને પ્રકાશન કરવાની પરવાનગી આપવી.

(૧) :

(૨) :

(૩) :

(૭) **શોધનિબંધની ત્રુટિઓ :-**

૧.

૨.

૩.

૪.

૫.

(૮) **શોધનિબંધની વિશેષતાઓ :-**

૧.

૨.

૩.

૪.

૫.

મારો અભિપ્રાય છે કે શ્રી________________________________

નો પ્રસ્તુત શોધનિબંધ વિદ્યાવાચસ્પતિ (Ph.D.) / અનુપારંગત (M.Phil.)ની પદવી કક્ષાનો છે / નથી. શોધનિબંધનું તારણ મૌલિક છે / નથી. નવું અર્થઘટન દર્શાવે છે / દર્શાવતું નથી. આથી આ શોધનિબંધ વિદ્યાવાચસ્પતિ(Ph.D.) / અનુપારંગત(M.Phil.)ની પદવી માટે સ્વીકારવા યોગ્ય છે / નથી. ગૂજરાત વિદ્યાપીઠના નિયમ અનુસાર શોધકર્તા ઉમેદવારની તેમના આ શોધનિબંધ વિશે મૌખિક પરીક્ષા રાખવાની ભલામણ છે / ભલામણ નથી.

<u>મૌખિક પરીક્ષામાં નીચેના મુદ્દાઓ ચકાસવાની મારી ભલામણ છે :-</u>

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

તારીખ : ________________

સ્થળ : ________________ (પરીક્ષકની સહી)